
# ગાંધીનગર શહેર કરતાં ગામડાઓમાં દવાખાનાઓની સંખ્યા વધારે

### ગામડાના 'પ્રેક્ટીશનર ડોક્ટર' રહે છે ગાંધીનગર શહેરમાં !

ગાંધીનગર શહેર ચંદીગઢની જેમ બનાવવામાં આવ્યું છે. સેક્ટરોની રચનાથી માંડીને શોપિંગ સેન્ટર, શાળા, કોમ્યુનિટી હોલ-રંગમંચ વગેરે ચંદીગઢની માફક કરવામાં આવ્યા છે. પરંતુ ચંદીગઢ અને ગાંધીનગરની સરખામણી કરીએ તો એક વાત ઉડીને આંખે વળગે એવી છે કે આપણા ગાંધીનગરના સેક્ટરોમાં ખેલકૂદ અને યોગ-વ્યાયામ માટેની કોઈ ચોક્કસ જોગવાઈ નથી. ચંદીગઢમાં દરેક સેક્ટરમાં




રમતગમત માટેના કેન્દ્રો ખાસ બનાવવામાં આવેલા છે. અલબત્ત ગાંધીનગર રમતગમતમાં ગુજરાતનું ધ્યાન ખેંચતુ રહ્યુ છે એ આનંદની વાત છે. શહેરમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-સાઈનું કેન્દ્ર આવેલું છે તથા સ્પોર્ટસ યુનિવર્સિટી પણ આ નગરમાં કાર્યરત છે. એવી જ રીતે સચિવાલય જીમખાન પણ ગાંધીનગરની એક ઓળખ તરીકે વર્ષોથી સ્થાપિત થયેલુ છે. આજના લેખની શરૂઆતમાં રમતગમતના સ્થળો કે કેન્દ્રની વાત કરીને આપણે ગુજરાતની સરખામણીએ હોસ્પિટલ-દવાખાનાઓની ચકાસણી આંકડાઓના આધારે કરીશુ. જેમ મંદિર-આશ્રમો શ્રદ્ધાના પ્રતીક હોય છે તેમ દવાખાના અને ઈસ્પિતાલો તંદુરસ્તી માપનના કેન્દ્ર હોય છે.

સેન્સર ૨૦૧૧ના આંકડાઓ અનુસાર સમગ્ર ગુજરાતમાં સિવિલ હોસ્પિટલ, કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, પ્રાયમરી હેલ્થ સેન્ટર સહીત ખાનગી હોસ્પિટલ્સ અને દવાખાનાઓની સંખ્યા ૩૯,૮૦૧ છે. જ્યારે ગાંધીનગરમાં ૧૦૧૬ની સંખ્યા છે. પૂરા ગુજરાતની સરખામણીએ ગાંધીનગરમાં તેની ટકાવારી ૨.૫૫ ટકા જેટલી થાય છે. ગાંધીનગરની વસ્તીના પ્રમાણમાં હોસ્પિટલ-દવાખાનાની સરેરાશ એ સારી સંખ્યા કહી શકાય એવી સ્થિતિ ચોક્કસ છે.

ગુજરાતની કુલ ૩૯૮૦૧ હોસ્પિટલ્સ-દવાખાનાઓને જો ગ્રામીણ ગુજરાત અને શહેરી ગુજરાતના સંદર્ભે જોઈએ તો અનુક્રમે ગ્રામીણ ગુજરાતમાં ૧૪૦૦૪ અને શહેરી ગુજરાતમાં ૨૫૭૯૭ છે. જ્યારે ગ્રામીણ ગાંધીનગરમાં ૪૭૬ અને શહેરી ગાંધીનગરમાં ૫૪૦ છે. આ આંકડાઓ એમ સ્પષ્ટ દર્શાવે છે કે ગ્રામીણ ગુજરાત હોય કે ગાંધીનગર ગ્રામ્ય હોય શહેરી ગુજરાત કે શહેરી ગાંધીનગરની સરખામણીએ ગ્રામીણ ક્ષેત્રમાં હોસ્પિટલ્સ-દવાખાનાનું પ્રમાણ ઓછુ છે. આ આંકડા એમ પણ સ્પષ્ટ કરે છે કે ગુજરાતની કુલ વસ્તીમાં સૌથી વધુ વસ્તી વસવાટ કરે છે. એવા ગ્રામીણ ક્ષેત્રમાં આરોગ્ય સુવિધાઓ પ્રમાણમાં ઘણી ઓછી આપણે પહોંચાડી શક્યા છીએ.

**આરોગ્ય સેવાઓ : એક દષ્ટિ**
**(હોસ્પિટલ્સ-દવાખાનાઓ)**

| | ગુજરાત | ટકા | ગાંધીનગર | ટકા |
|---|---|---|---|---|
| કુલ | ૩૯૮૦૧ | ૧૦૦ટકા | ૧૦૧૬ | ૧૦૦ટકા |
| ગ્રામીણ | ૧૪૦૦૪ | ૩૫ટકા | ૪૭૬ | ૪૭ટકા |
| શહેર | ૨૫૭૯૭ | ૬૫ટકા | ૫૪૦ | ૫૩ટકા |

● **સંદર્ભ : સેન્સસ ૨૦૧૧ સિરિઝ-૨૫**

ટેબલના આંકડાઓની મૂલવણી કરીએ તો એમ જણાય છે કે ગ્રામીણ ગુજરાતની સરખામણીએ ગ્રામીણ ગાંધીનગરમાં હોસ્પિટલ્સની સ્થિતિ સારી છે. ગ્રામીણ ગુજરાત કરતાં ગાંધીનગરના ગ્રામીણ ક્ષેત્રમાં

● અનુસંધાન પાના - ૭ પર



ઈદની ઉજવણીના પગલે ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ સ્થિત બાલોદ્યાન ખાતે આજે મુસ્લિમ બિરાદરો પરિવાર સાથે ઈદની રજાનો આનંદ માણવા ઉમટી પડ્યા હતા. મોટી સંખ્યામાં મુસ્લિમ પરિવારો ખાણી-પીણી અને ખેલકૂદની મજા લેતા હતા. સવારથી ગાંધીનગર આસપાસથી મુસ્લિમ બિરાદરો શહેરના અનેક પર્યટન સ્થળોએ નજરે પડતા હતા.

# શહેરમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ હજુ દબાણના સકંજામાં

### દબાણો દુર કરવાની નાટકીય ઝુંબેશના અંતે બિન્દાસ્ત બનતા દબાણકારો : આમ નાગરિકોને મુંઝવણ : કોર્મશિયલ વિસ્તારમાં માર્ગ સલામતી પણ જોખમાઇ

ગાંધીનગર તા ૧૮

નગરને સુંદર અને રળિયામણુ બનાવાની સોહામણી વાતો વચ્ચે દબાણ અને ગંદકીના મામલે બિહામણા દ્રશ્યો સામે આવી રહયા છે. સેકટરોમાં હાથ ધરાતી દબાણ હટાવ ઝુંબેશના અંતે પાર્કીંગ પ્લેસ પર મુંઝવણમાં મુકાવાનો વારો આવે તેવી સ્થિતિ છે. લાખોના ખર્ચે તૈયાર કરાયેલા પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લાઓ ધમધમી રહયા છે. પાર્કીંગ પ્લેસ દબાણોએ અજગર ભરડો લેતા આમ નાગરિકોની મુંઝવણ હજુ યથાવત છે.

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવાના સોહામણા સ્વપ્ર વચ્ચે નગરના જાહેર સ્થળો પર દુવિધાઓનો ઢગ મંડરાયો છે. ગણ્યા ગાંઠ્યા દબાણો દુર કરી તંત્રએ શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે ઘણુબધુ કરી દીધુ હોવાનો અભિગમ અપનાવ્યો છે. પરંતુ દબાણોની ઝુંબેશ પણ નાટકીય અને ચોપડા પર ચિતરાયેલી કામગીરી સમાન છે. નગરના પાર્કીંગ પ્લેસ પર ૨૪ કલાકમાં જ દબાણો જૈસે થૈ ગોઠવાઈ જાય છે. નગરને સ્વચ્છ, સુંદર અને આયોજનબધ્ધ બનાવાનુ વિઝન હાલ ધુંધળુ દેખાઈ રહયુ છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરને અનેક પ્રકારની અડચણોએ આંતરી લીધુ છે. જયારે આમ નાગરિકોની માળખાગત સુવિધાઓ અને જરૂરીયાતો સામે પણ પ્રશ્નો મંડરાય તેવી સ્થિતિ છે. શહેરના કોર્મશિયલ કોમ્લેક્ષો આસપાસ સ્થિત પાર્કીંગ પ્લેસ દબાણના અજગર ભરડામાં આવી ગયા છે. આ ઠેકાણે દબાણો દુર કરાયા બાદ પણ લાંબા ગાળાનુ કોઈ પરિણામ

● અનુસંધાન પાના - ૭ પર

# આજથી ધો-૯ ના ૧૯૬ વિજ્ઞાન શિક્ષકોને નવા અભ્યાસક્રમ અન્વેય તાલીમ

### એન.સી.ઇ.આર.ટી.ના અભ્યાસને ધ્યાને લઇ ગણિત બાદ હવે વિજ્ઞાનના શિક્ષકોને તજજ્ઞો માર્ગદર્શન આપશે

ગાંધીનગર તા ૧૭

એન સી ઈ આર ટી ના નવા અભ્યાસક્રમ મુજબ વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટે જિલ્લાના શિક્ષકો માટે તબક્કવાર વિવિધ વિષયો અંગે તાલીમ યોજવામાં આવે છે. આ અન્વેય જિલ્લાના ૧૯૬ શિક્ષકોને આજથી વિજ્ઞાન વિષયની તાલીમ આપવામાં આવશે. અગાઉ ગણિતની તાલીમ આપવામાં આવી હતી. જયારે ગણિતના અંતે હવે બાકી રહેતા વિષયોની તાલીમનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

શિક્ષણનુ સ્તર સુધરવા તેમજ નબળુ પરિણામ ધરાવતી શાળાઓ પાસેથી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પરિણામ સુધારણા માટેનો એકશન પ્લાન પણ મંગાવાયો છે. જયારે આગામી દિવસોમાં આ મામલે જિલ્લા શિક્ષણતંત્રના અધિકારીઓ તેમજ શાળાના આચાર્યો સાથે એક બેઠકનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. જયારે જિલ્લાની શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધારવા તેમજ વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ પુરુ પાડવા માટે સમયાંતરે શિક્ષકો માટે જરૂરી તાલીમનુ પણ આયોજન કરવામાં આવે છે. જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા એન સી ઈ આર ટી ના અભ્યાસક્રમને ધ્યાને લઈ શિક્ષકો માટે વિશેષ તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

જેમાં ધોરણ -૯ માં આ અભ્યાસક્રમ મુજબ ગણિતના શિક્ષકોને અગાઉ તાલીમ આપવામાં આવી હતી. જયારે હવે વિજ્ઞાન વિષયના શિક્ષકોને તાલીમ આપવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લા શિક્ષણતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ તા ૧૮ જુનથી કરાઈની બ્રાઈટ હાઈસ્કુલ ખાતે ધોરણ -૯ ના વિજ્ઞાન વિષયના શિક્ષકો માટે તાલીમ શરૂ થશે. જેમાં જિલ્લાના ૧૯૬ શિક્ષકોને એન સી ઈ આર ટીના નવા અભ્યાસને ધ્યાને લઈ જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. વિવિધ વિષયોની તાલીમ પામેલા નિષ્ણાંતો તેમજ બહારથી આવેલા તજજ્ઞો દ્વારા શિક્ષકોને તાલીમ આપવામાં આવશે.

# નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ પણ બાકી

### સે-૬ અને ૭ માં રીંગ રોડના કામને મંજુરી પણ આંતરિક માર્ગોના કામની દરખાસ્ત હજુ પડતર

ગાંધીનગર તા ૧૭

શહેરના નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હજુ બાકી છે. અલબત્ત સે- ૧થી ૫ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પુર્ણ થઈ ગયા બાદ હજુ સે-૬ અને સે-૭ માં રસ્તાઓની હાલત બિસ્માર છે. આગામી વરસાદી દિવસોના અંતે નવા સેકટરોમાં રીંગરોડને યોગ્ય કરવા માટે કામગીરી હાથ ધરાશે પરંતુ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા અન્વયેની દરખાસ્ત હજુ વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. ત્યારે બાકી રહેતા સેકટરોમાં પણ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ઝડપથી હાથ ધરાય તેવી માંગણી ઉઠવા પામી છે.

શહેરના રોડ નેટવર્કને ચકાચક રાખવા માટે સમયાંતરે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં પણ આંતરિક માર્ગોની સુધારણા માટે પાંચ વર્ષ જેટલો સમય થઈ ગયો હોવાથી ગત દિવસોમાં જ નવા સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે હાલ ચોમાસા દરમિયાન માર્ગ સુધારણાની કામગીરી બંધ કરી દેવાશે. જયારે વરસાદી દિવસોના અંતે સે-૬ થી ૮ માં સેકટરના રીંગ

● અનુસંધાન પાના - ૭ પર

# કરાઈ ટ્રેનિંગ સેન્ટરમાં પી.એસ.આઈ.ની તાલીમાર્થીઓ સાથે ગાળાગાળી

### ટ્રેનિંગ સેન્ટરમાં મહિલા અધિકારીનું એક્ટીવા સ્લીપ થઇ જતાં મહિલા અધિકારી તાલીમાર્થી ઉપર બગડયા : મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત પોલીસ અકાદમી કરાઇ ખાતે ટ્રેનિંગ સેન્ટરમાં શુક્રવારે એક મહિલા અધિકારીનું એકટીવા સ્લીપ થઈ જતાં રસ્તો ઓળંગી રહેલા પી.એસ.આઇ તાલીમાર્થીઓ ઉપર મહિલા અધિકારી બગડયા હતા. તાલીમાર્થીઓને જેમ ફાવે તેમ ગાળાગાળી કરીને તમે બધા કેવી રીતે તાલીમ પૂરી કરો છો તે હું જોઉં છું અને હું સ્ત્રી છું તો તમને બધાને ખોટા કેસમાં ભરાવી દઈશ... તેવી ધમકી મહિલા અધિકારીએ આપી હોવાના આક્ષેપો થયા છે. પીએસઆઇ તાલીમાર્થીઓએ આ મામલે પોલીસ અકાદમીના મદદનીશ નિયામક ને લેખિત રજૂઆત પણ કરી છે અને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવા અરજી પણ આપી હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત પોલીસ તાલીમ અકાદમી કરાઈનાં કેડેટ પીએસઆઇ પી.બી ચાવડાએ અકાદમીના મદદનીશ નિયામકને કરેલી લેખિત રજૂઆત મુજબ કેડેટ પી.એસ.આઇ અને તેમના મોડ-૨ નાં તાલીમાર્થી પી.એસ.આઇ શુક્રવારે તેમના બેરેકમાંથી નીકળીને શિસ્તબદ્ધ રીતે રસ્તો ઓળંગી ગ્રાઉન્ડ તરફ જવા નીકળ્યા હતા ત્યારે કમાન્ડો લખેલી ટી-શર્ટ પહેરેલી એક મહિલા અધિકારી ગેટ નંબર-૨ તરફથી પોતાની એકટીવા નંબર જીજે ૦૧ એલ.વી ૨૨૧૫ લઈને બેફામ ગતિએ રોડ ઉપરથી નીકળ્યા હતા અને પી.એસ.આઇ તાલીમાર્થીઓ જ્યાંથી નીકળી રહ્યા હતા તે તરફ ધસી આવ્યા હતા. તાલીમાર્થીઓને ધ્યાન એક્ટીવા પર પડતાં તેઓ ખસી ગયા હતા પરંતુ મહિલા અધિકારી નું એકટીવા સ્લીપ થઈ ગયું હતું. આ ઘટનાથી ઉશ્કેરાઈ જઈને તે મહિલા અધિકારીએ તાલીમાર્થી પી.એસ.આઈ ને જેમ ફાવે તેમ ગાળાગાળી કરી દીધી હતી. હાલના તબક્કાની રીફ્રેશર તાલીમમાં તમે બધા કેમ તાલીમ પૂરી કરો છો તે હું જોઈ લઈશ અને હું મહિલા છું તો તમને કોઈ ખોટા કેસમાં ફસાવી દઈશ તમારું કેરિયર બરબાદ કરી નાખીશ અને ભવિષ્યમાં નોકરીમાં હાનિ પહોંચે તેવું કરીશ તેવી ધમકીઓ આપી હોવાની અરજી કેડેટ પી.એસ.આઇ.એ કરાઈ પોલીસ અકાદમીના મદદનીશ નિયામકને આપી છે.



# નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ચોથી ગવર્નીંગ કાઉન્સિલ બેઠક સંપન્ન

નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ચોથી ગવર્નીંગ કાઉન્સીલની બેઠકમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યાં હતા. રૂપાણીએ ઈનોવેટીવ અને પાથ બ્રેકીંગ ઈનિશિયેટીવ્સના કારણે છેલ્લા દોઢ દાયકામાં ગુજરાતે સાધેલી પ્રગતિની જાણકારી આપી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નીતિ આયોગની ચોથી ગર્વનિંગ કાઉન્સિલ બેઠકમાં ભાગ લેતા સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિવિધ સમાજકલ્યાણ યોજનાઓનું અસરકારક અમલીકરણ કરીને સમાજના અંતિમ વ્યક્તિ સુધી તેના લાભ રાજ્ય સરકારે સુપેરે પહોંચાડ્યા છે. આ બેઠકમાં વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, પાછલા દોઢ દાયકામાં ગુજરાતના કૃષિ વિકાસ દરમાં ડબલ ડિઝિટની વૃદ્ધિ થઈ છે. રાજ્ય સરકારની જી.એસ.એફ.સી. અને જી.એન.એફ.સી. જેવી ફર્ટિલાઈઝર ઉત્પાદક કંપનીઓ ખેડૂતોને ખાતરનો યોગ્ય ઉપયોગ કરવા માટે જે માર્ગદર્શન આપી રહી છે તેને પરિણામે ઓછા ખાતરના ઉપયોગથી મહત્તમ ખેત ઉત્પાદન મેળવી શકાયું છે.

# નવા આવાસોની સાઈટ નક્કી કરવા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પ્રેઝન્ટેશન

### ખાલી જગ્યાના સર્વ બાદ પ્રેઝન્ટેશનના અંતે મંત્રી કક્ષાએથી આવાસોની નવી સાઇટ ટુંકમાં નક્કી કરાશે

ગાંધીનગર તા ૧૭

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડી નાંખવામાં આવી રહયા છે. જયારે સેકટરોમાં નવા આવાસો પણ બાંધવામાં આવી રહયા છે. હજુ પણ રહેણાંકને લાયક ન હોય તેવા આવાસોનો કડુસલો કર્યા બાદ નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. જોકે સ્થળ પસંદગીના મુદ્દે કોકડુ ગુંચવાતા તંત્ર દ્વારા સર્વેના અંતે સેકટરોમાં ખુલ્લી જગ્યાનો નકશો તૈયાર કરવામાં આવ્યો હતો. જે અન્વયે વિભાગના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પ્રેઝન્ટેશન કરી દેવાતા ટુંકમાં જ નવા આવાસો બાંધવાની સાઈટ નક્કી કરી દેવાશે

શહેરમાં જુના અને કંગાળ સરકારી આવાસો તોડીને નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસો બાંધવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. નગરના સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે હજુ પણ નવા મકાનો બાંધવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. નવા આવાસોને કર્મચારીઓને ફાળવી દેવાયા છે. જેમાં વસવાટ પણ શરૂ થઈ ગયો છે. બીજીતરફ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય નથી. જેના લીધે હજુ પણ નવા આવાસો બાંધવા માટેની કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. પરંતુ નવા આવાસો બાંધવા માટે સ્થળ નક્કી કરવાનો મામલો છેલ્લા ૬ મહીનાથી અધ્ધરતાલ છે. અગાઉ નવા આવાસો સે-૫ અને સે-૬ માં બાંધવા વિચારણા હાથ ધરવામાં આવી હતી.પરંતુ આખરે આ આયોજન પણ પડતુ મુકાયુ હતુ. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા નવા આવાસો બાંધવા માટે શહેરમાં નિકાલ કરાયેલા જુના સરકારી આવાસોની ખુલ્લી જગ્યાનો પણ સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે સેકટરોમાં ખુલ્લી જગ્યાનો સર્વે હાથ ધરી પ્લાન પણ તૈયાર કરાયો હતો. આ અન્વયે માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ગત દિવસોમાં જ પ્રેઝન્ટેશન રજુ કરી દેવાયુ છે. વિભાગના મુખ્ય ઈજનેર અને ચીફ એન્જિનિયર સમક્ષ આ આવાસો તૈયાર કરવાના સ્થળ પસંદગીના મામલે રીપોર્ટ રજુ કરી દેવાયો છે. જયારે આ મામલે મંત્રી કક્ષાએથી નિર્ણય લેવાયા બાદ નવા આવાસો બાંધવાની સાઈટ નક્કી થશે. જો કે છેલ્લા ૬ મહીનાથી આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી ન થતા કામ વિલંબમાં પડયુ હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફ્લેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com